## આ.કૃ.યુ.,વસો કેમ્પસ ખાતે "Establishment of Agriculture Based Small Scale Industry" વિષય પર વ્યાખ્યાન યોજાયું

કૃષિ મહાવિદ્યાલય – વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો ખાતે પ્લેસમેન્ટ સેલ દ્વારા તારીખ ૧૬/૦૯/૨૦૨૩ ના રોજ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા ખીલવવા તેના વ્યક્તિત્વ અને સંર્વાંગીણ વિકાસ કાર્યક્રમ અંતર્ગત **"Establishment of Agriculture Based Small Scale Industry"** વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સહાયક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી હર્ષદભાઇ પાનેલિયા, એમ. ડી., કર્તવ્ય એગ્રોટેક પ્રા. લિ. અમદાવાદ દ્વારા પોતાના વિચારો રજુ કરવામા આવ્યા હતા. જેમાં તેઓએ વિદ્યાર્થીઓને કૃષિમાં રહેલા નવા ઉદ્યોગો અને તેની તકો વિષે, ખેડૂતોના પ્રશ્નો અને તેના નિરાકરણમાં રહેલી ઉદ્યોગની તકો, કૃષિમાં પ્રેક્ટીકલ નોલેઝનું મહત્વ તથા જુદા જુદા પાકોની જાતોના સંશોધન કરી ઉદ્યોગ સાહસિક બનવાના તેમના પોતાના પ્રેક્ટીકલ અનુભવો અને તેમાં આવતી મુશ્કેલીઓ અને તેના નિવારણ વિષે જાણવી વિદ્યાર્થીઓમાં પ્રેરણા અને જોશ ભર્યો હતો. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ.બી.સી.પટેલએ પ્રાસંગોચિત ઉદ્દ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહાવિદ્યાલય-વ- પોલીટેકનીકના પ્લેસમેન્ટ ઓફીસર ડૉ. સી. બી. વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

**<u>કાર્યક્રમની ઝાંખી:</u>**






પ્લેસમેન્ટ સેલ
કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલીટેકનીક
વિદ્યાર્થી સર્વાંગીણ વિકાસ કાર્યક્રમ
Establishment of Agriculture Based Small Scale Industry

